- **સ્વર એટલે શું?**

➢ જે ધ્વનીનો ઉચ્ચાર કરવામાં અન્ય કોઈ ધ્વનિની સહાયતા ણ લેવી પડે તેવા ધ્વનીને સ્વર તરીકે ઓળખવામાં આવે છે.

➢ સ્વરના ઉચ્ચારણમાં હવા અવરોધાયા વિના બહાર નીકળે છે.

➢ ગુજરાતી ભાષાના માન્ય સ્વરોની સંખ્યા ૮ છે.

  ○ **અ, આ, ઇ, ઉ, એ, ઍ, ઓ, ઑ**

| <u>સંવૃત</u> | <u>વિવૃત</u> |
|---|---|
| એણે | ઍરુ |
| એકાવન | ઍસિડ |
| મોર | મૉર |
| ગોળ | ગૉળ |

**સંવૃત** : સાંકડું ઉચ્ચારણ

**વિવૃત** : મોટું ઉચ્ચારણ

➢ ગુજરાતી ભાષાના કુલ સ્વરોની સંખ્યા ૧૩ છે.

  ○ **અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, એ, ઐ, ઓ, ઔ**

➢ વર્તમાન સમયમાં ગુજરાતી ભાષાના ૧૧ સ્વરો છે.

  ○ **અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ**

➢ સાર્થ જોડણીકોશમાં સંવૃત અને વિવૃતનો સમાન રીતે લખવાનું વલણ જોવા મળે છે. અંગ્રેજી શબ્દો લખતી વખતે તેના પર વિવૃતની નિશાની દર્શાવવી જોઈએ.

➢ **અ, ઇ, ઉ, ઋ** આ ચાર હ્રસ્વ સ્વરો છે.

➢ અ+અ=આ
ઇ+ઇ=ઈ
ઉ+ઉ=ઊ
અ+ઇ=એ
અ+એ=ઐ
અ+ઉ=ઓ
અ+ઓ=ઔ

આ સાત સ્વરો દીર્ઘ સ્વર છે તેમને સંયુક્ત સ્વર, સંધિસ્વર અને સધિત સ્વર તરીકે ઓળખવામાં આવે છે.

- **"અં" એ "અ"નું અનુનાસિક સ્વરૂપ છે.**
- **"અ:"માં રહેલો વિસર્ગ એ સંસ્કૃત ભાષાનો છે.**
- **વિસર્ગ એટલે જેનું ઉચ્ચારણ કરતા શ્વાસને વિશેષ રીતે છોડી દેવામાં આવે તે.**
    - **ભાષ** :
- **વિસર્ગ એ સામાન્ય રીતે હલન્ત્ 'સ્' (ખોડો અક્ષર)નું સ્વરૂપ છે.**
    - અધ: + ગતિ = અધોગતિ
      અધસ્ + ગતિ = અધોગતિ
    - નિ: + વાણ = નિર્વાણ
      નિસ્ + વાણ = નિર્વાણ

## સ્વરોના ઉચ્ચાર સ્થાન

- જે ધ્વનીનો ઉચ્ચાર કરવામાં અન્ય કોઈ ધ્વનિની સહાયતા ણ લેવી પડે તેવા ધ્વનીને સ્વર તરીકે ઓળખવામાં આવે છે.

| સ્વર | ક્યાંથી બોલાય / ઉચ્ચાર સ્થાન | કેવો કહેવાય |
|---|---|---|
| અ – આ | કંઠમાંથી | કંઠ્ય |
| ઇ – ઈ | તાળવામાંથી | તાલવ્ય |
| ઉ – ઊ | હોઠમાંથી | ઓષ્ઠ્ય |
| ઋ | મૂર્ધામાંથી | મૂર્ધન્ય |
| એ – ઐ | કંઠ અને તાળવામાંથી | કંઠ્યતાલ |
| ઓ – ઔ | કંઠ અને હોઠમાંથી | કંઠયૌષ્ઠ્ય |

### સજાતીય સ્વર

એક જ સ્થાનમાંથી સ્વરોને એકબીજાના સજાતીય સ્વરો કહેવાય છે.

### વિજાતીય સ્વર

જુદા જુદા સ્થાનોમાંથી બોલતા સ્વરો એકબીજાના વિજાતીય સ્વરો કહેવાય છે.

- **વ્યંજન એટલે શું?**

➢ જે ધ્વનિનું ઉચ્ચારણ કરવામાં સ્વરની સહાય લેવી પડે તેવા ધ્વનીને વ્યંજન કહેવામાં આવે છે.

➢ ગુજરાતી ભાષામાં વ્યંજનોની સંખ્યા ૩૪ છે.

| **વર્ગીય વ્યંજન / સ્પર્શ વ્યંજનો** | | |
|---|---|---|
| **વર્ગ** | **વ્યંજન** | **પ્રકાર** |
| ક | ક ખ ગ ઘ ઙ | કંઠ્ય |
| ચ | ચ છ જ ઝ ઞ | તાલવ્ય |
| ટ | ટ ઠ ડ ઢ ણ | મૂર્ધન્ય |
| ત | ત થ દ ધ ન | દંત્ય |
| પ | પ ફ બ ભ મ | ઓષ્ઠ્ય |

અનુનાસિક

| **વર્ગીય વ્યંજન / સ્પર્શ વ્યંજનો** | |
|---|---|
| **વ્યંજન** | **પ્રકાર** |
| ય, શ | તાલવ્ય |
| ર, ષ, ળ | મૂર્ધન્ય |
| લ, સ | દંત્ય |
| વ | દંત્યૌષ્ઠ્ય |
| હ | કંઠ્ય |

**<u>અનુનાસિક વ્યંજન</u>**

જે વ્યંજનનો ઉચ્ચાર વખતે હવા મુખપથ અને નાસિકપથ બંનેમાંથી પસાર થાય તેવા વ્યંજનને અનુનાસિક વ્યંજન તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં પાંચ અનુનાસિક વ્યંજન છે.

ઙ, ઞ, ણ, ન, મ

## નીરનુંનાસિક વ્યંજન

જે વ્યંજનોના ઉચ્ચાર વખતે હવા મુખપથમાંથી પસાર થાય તેવા વ્યંજનોને નીરનુનાસિક વ્યંજન કહેવાય છે.

ઉપરના અનુનાસિક વ્યંજનોને બાદ કરતા બધા નીરનુનાસિક વ્યંજનો છે. તે ૨૯ છે.

## અર્ધવ્યંજન

ક્યારેક ભાષામાં સ્વર સાથે ભળ્યા વિનાનો વ્યંજન વપરાય છે જે ને અર્ધવ્યંજન તરીકે ઓળખવામાં આવે છે.

અર્થાત્

સંજોગોવશાત્

વિધિવત્

## અર્ધસ્વર

કેટલાક વ્યંજનો એવા છે કે ઘણીવાર ઉચ્ચારણમાં તેમની જગ્યાએ શ્વરનો ઉપયોગ થાય છે તેવા વ્યંજનોને અર્ધસ્વર તરીકે ઓળખવામાં આવે છે.

ય = પયસો – પઈસો

વ = ગાવ – ગાઉ

હ = ટહુકો – ટઉકો

## પ્રકંપી વ્યંજન

જેનો ઉચ્ચાર કરતી વખતે જીભ વડે તેજ અક્ષર એક સાથે બોલી શકાય તેણે પ્રકંપી વ્યંજન કહે છે.

પ્રકંપી વ્યંજન “ર” છે.

દા.ત. : ૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨૨

## પ્રશ્વાર્ય વ્યંજન

પ્રશ્વાર્ય વ્યંજન બે છે “લ” અને “ળ”.

“ળ”ના ઉચ્ચારણ વખતે જીભ થડકારો અનુભવે છે તેથી “ળ”ને થડકારવાળા ધ્વનિ તરીકે ઓળખવામાં આવે છે.

"લ"ના ઉચ્ચારણ વખતે જીભનો આકાર ઉંધા નળીયા જેવો થાય છે.

## ઉષ્માક્ષરો

જે વ્યંજન બોલવામાં વધારે ઉષ્માની જરૂર પડે તેને ઉષ્માક્ષર તરીકે ઓળખવામાં આવે છે.

ઉષ્માક્ષરો ચાર છે. સ, શ, ષ, હ

## મર્મર ધ્વની

જે વ્યંજનના ઉચ્ચાર વખતે મર્મ અવાજ નિકળે એટલે કે કંઠમાંથી અવાજ નિકળે તેને મર્મર ધ્વનિ કહે છે.

"હ" મર્મર ધ્વનિ છે.

| અલ્પપ્રાણ / મહાપ્રાણ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **સ્થાન** | **અલ્પપ્રાણ** | **મહાપ્રાણ** | **અલ્પપ્રાણ** | **મહાપ્રાણ** | **અલ્પપ્રાણ** | **અલ્પપ્રાણ** | **મહાપ્રાણ** |
| કંઠ | ક | ખ | ગ | ઘ | ઙ | - | હ |
| તાલુ | ચ | છ | જ | ઝ | ઞ | ય | શ |
| મૂર્ધા | ટ | ઠ | ડ | ઢ | ણ | ર,ળ | ષ |
| દંત | ત | થ | દ | ધ | ન | લ | સ |
| ઓષ્ઠ | પ | ફ | બ | ભ | મ | - | - |
| દંતોષ્ઠ | - | - | - | - | - | વ | - |

| ઘોષ / અઘોષ | | | | |
|---|---|---|---|---|
| **સ્થાન** | **અઘોષ** | **ઘોષ** | **અઘોષ** | **ઘોષ** |
| કંઠ | ક ખ | ગ ઘ ઙ | - | હ |
| તાલુ | ચ છ | જ ઝ ઞ | શ | - |
| મૂર્ધા | ટ ઠ | ડ ઢ ણ | ષ | ર ળ |
| દંત્ય | ત થ | દ વ ન | સ | લ વ |
| ઓષ્ઠ | પ ફ | બ ભ મ | - | - |